પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૧ | ૧૨ જાન્યુઆરી, ૨૦૨૦, રવિવાર; પોષ વદ - ૦૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## મોદીને સિટિઝનશીપ એક્ટ સંદર્ભે ફેરવિચારણાની મમતાની અપીલ

**CAA, NRC, NPRને ખેંચવા માંગ : કોલકાતામાં રાજભવન ખાતે મોદી સાથે મમતા બેનર્જીની ૨૦ મિનિટ સુધી બેઠક ચાલી : વિરોધ પ્રદર્શન વચ્ચે મોદી કોલકાતામાં : આજે કેટલાક કાર્યક્રમો**



કોલકાતા, તા. ૧૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે કહ્યું હતું કે, તેઓ સુધારવામાં આવેલા સિટિઝનશીપ એક્ટ પર ફેરવિચારણા કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી ચુક્યા છે. સાથે સાથે સીએએ, એનઆરસી અને એનપીઆરને પરત ખેંચવા માટેની માંગ કરી ચુક્યા છે. રાજભવન ખાતે વડાપ્રધાન સાથે યોજાયેલી બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાને તેમને દિલ્હી આવવા અને આ મામલા પર ચર્ચા કરવા માટે કહ્યું છે. બેનર્જીએ વડાપ્રધાન સાથેની તેમની બેઠકને કર્ટસી બેઠક તરીકે ગણાવી હતી અને કહ્યું હતું કે, નાણાંકીય સહાયતાના પરિણામ સ્વરુપે આ મુદ્દાઓ ઉપર પણ ચર્ચા વિચારણા થઈ ચુકી છે. નાણાંકીય સહાયતાના સંદર્ભમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ ઉપર વાતચીત થઈ છે. આ સહાયતા પશ્ચિમ બંગાળ સરકારને હજુ સુધી મળી નથી. મમતા બેનર્જીએ કહ્યું હતું કે, આ બેઠક પરંપરાગતરીતે હતી. કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને નહીં મળેલી ૨૮૦૦૦ કરોડ રૂપિયાની સહાયતાના સંદર્ભમાં પણ માહિતી મળી ચુકી છે.

● અનુસંધાન પાન-૭ પર

## અમારી જ મિસાઈલે ભૂલથી યુક્રેની વિમાન તોડી પાડ્યું : ઈરાન

**વિમાન દુર્ઘટનામાં ૧૭૩ લોકોના મોત થયા હતા : રિપોર્ટ મિસાઇલ વિમાનની સાથે ટકરાતા વિમાનમાં આગ લાગી**

તહેરાન,તા. ૧૧

વિમાન દુર્ઘટનાને લઈને કેટલાક દિવસ સુધી મૌન રહ્યા બાદ આખરે ઈરાને કબુલાત કરી લીધી છે કે યુક્રેનનુ વિમાન માનવી ભુલના કારણે તોડી પડાયુ હતુ. તેની મિસાઈલ આ વિમાન સાથે ટકરાઈ ગઈ હતી. જેમાં ૧૭૬ પ્રવાસીઓના મોત થયા હતા. યુક્રેનના વિમાનમાં ઈરાન અને કેનેડાના સૌથી વધારે નાગરિકો હતા. ઈરાનના ૮૨ પ્રવાસીઓ હતા. કેનેડાના ૬૩ નાગરિકો હતા. ઉપરાંત આ વિમાનમાં યુક્રેનના ૧૧, સ્વીડનના ૧૦, અફઘાનિસ્તાનના ચાર તેમજ જર્મની અને બ્રિટનના ત્રણ ત્રણ નાગરિકો હતા.

અમેરિકા અને કેટલાક દેશોએ વિમાન તેના દ્વારા જ તોડી પડાયાના આરોપ બાદ આખરે ઈરાને કબુલાત કરી લીધીછે. તેની જ મિસાઈલ વિમાન સાથે ટકરાઈ ગયા બાદ વિમાનમાં આગ લાગી ગઈ હતી. જેમાં તમામ યાત્રીઓના મોત થયા હતા.ઈરાકમાં અમેરિકી સૈન્ય સ્થળ પર હુમલા કરવામાં આવ્યાના કલાકો બાદ જ વિમાન દુર્ગટનાગ્રસ્ત થયુ હતુ. જેથી દુર્ઘટનાને લઈને ચર્ચા ચાલી રહી હતી. જમીન પર પડતા પહેલા વિમાન આગમાં લપેટાઈ ગયું હતું. પહેલા ટેકનિકલ ખામીના કારણે વિમાની દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાના અહેવાલ આવ્યા હતા પરંતુ હવે એવા અહેવાલ આવી રહ્યા હતા કે, વિમાન કાવતરાનું શિકાર થયું હતુ.




## નાગરિકતા સંશોધિત કાયદો અમલી

**ગેઝેટમાં પ્રસિધ્ધિ : ૧૦ જાન્યુઆરીની મધરાતથી ગૃહ મંત્રાલય દ્વારા જોગવાઇઓનો અમલ શરૂ**

**શરણાર્થીઓ માટે કટ ઓફ ડેટ ૩૧ ડિસે.૨૦૧૪ જાહેર કરાઇ, અમુક રાજ્યોમાં લાગુ નહીં પડે**

ન્યુ દિલ્હી,તા.૧૧

નાગરિકત્વ સંશોધિત કાયદો-સીએએની સામે દેશના મોટા ભાગના રાજ્યોમાં લોકો દ્વારા ભારે વિરોધ અને કેરળ સહિત બિન-ભાજપી રાજ્યોએ તેનો અમલ કરવાની ના પાડી છે ત્યારે બીજી તરફ કેન્દ્રની એનડીએ સરકારે તેમાં પીછેહઠ કરવાને બદલે એક જાહેરનામુ બહાર પાડીને તેનો અમલ ૧૦ જાન્યુઆરીની મધરાતથી શરૂ કરી નાંખ્યો છે. દેશના ગૃહ મંત્રાલય દ્વારા ગેઝેટની નકલ જાહેર કરીને વિવાદાસ્પદ એવા આ આ કાયદાની જોગવાઈઓ ૧૦ જાન્યુઆરીથી લાગુ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જો કે કેન્દ્રના આ કાયદાને વિધાનસભામાં સત્તાવાર પ્રસ્તાવ લાવીને અનુમોદન આપનાર ભાજપ શાસિત ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં જણાવાયું છે, 'કેન્દ્ર સરકાર, નાગરિકતા (સુધારો) અધિનિયમ, ૨૦૧૯ (૨૦૧૯ ના ૪૭) ની કલમ ૧ ની પેટા કલમ (૨) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, તારીખ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ. જેમાં જણાવેલ કાયદાની જોગવાઈઓ અમલમાં આવશે તે ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

## છપાક ફિલ્મના સ્ક્રિનિંગ પર દિલ્હી હાઈકોર્ટની રોક

**૧૫મી જાન્યુઆરીથી મલ્ટીપ્લેક્સમાં રોક રહેશે : વકીલ અર્પણાને ક્રેડિટ ન મળતા નવો વિવાદ સપાટી પર**

નવીદિલ્હી, તા. ૧૧

મેઘના ગુલઝાર નિર્દેશક ફિલ્મ છપાક આ વિકેન્ડ પર જ રજૂ થઈ ચુકી છે જેમાં લીડ




રોલમાં દિપીકા મુખ્યરીતે ભૂમિકા ભજવી રહી છે. ફિલ્મ રજૂ કરવામાં આવતા પહેલા જ કેટલાક કાયદાકીય વિવાદો સપાટી ઉપર આવી ગયા છે. આ ફિલ્મની પટકથા એસિડ હુમલામાં બચી ગયેલી લક્ષ્મી અગ્રવાલ ઉપર આધારિત છે. લક્ષ્મી અગ્રવાલના વકીલ અર્પણા ભટ્ટે ફિલ્મ નિર્માતાની સામે કોર્ટમાં રજૂઆત કરી દીધી છે. હવે દિલ્હી હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપતા કહ્યું છે કે, વકીલ અર્પણા ભટ્ટને ક્રેડિટ આપ્યા વગર ફિલ્મની સ્ક્રિનિંગ પર પ્રતિબંધ મુકવા માટેનો આદેશ કર્યો છે. દિલ્હી હાઈકોર્ટે વકીલ અર્પણા ભટ્ટને ક્રેડિટ આપ્યા વગર ફિલ્મની રજૂઆત પર પ્રતિબંધ મુકી દીધો છે. લક્ષ્મી અગ્રવાલની કાનૂની લડાઈ ચાલી રહી છે. આ પ્રતિબંધ મલ્ટીપ્લેક્સમાં ૧૫મી જાન્યુઆરીથી અને અન્ય લાઈવ સ્ક્રિનિંગ પ્લેટફોર્મ ઉપર

● અનુસંધાન પાન-૭ પર

## જેએનયુ હિંસામાં વોટ્સએપ ગ્રુપના ૩૭ ઓળખાયા

**સીટ દ્વારા સમગ્ર મામલામાં ઉંડી તપાસ જારી : હોસ્ટેલમાં જોવા મળેલા બહારના લોકોની સામે કડક કાર્યવાહી કરાશે**

નવીદિલ્હી, તા. ૧૧

જેએનયુ હિંસાને લઈને ઉંડી તપાસનો દોર ચાલી રહ્યો છે. આના ભાગરુપે જેએનયુ હિંસા સાથે સંબંધિત લેફ્ટની સામે વોટ્સએપ ગ્રુપ યુનિટીના ૩૭ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે. દિલ્હી પોલીસ દ્વારા આ અંગેની માહિતી આપી દેવામાં આવી છે. ૩૭ લોકોની ઓળખ થઈ ચુકી છે. સીટ દ્વારા આ તમામ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. પોલીસના કહેવા મુજબ પાંચમી જાન્યુઆરીના દિવસે લેફ્ટ પાર્ટી સામે આ ગ્રુપની રચના કરવામાં આવી હતી. પાંચમી જાન્યુઆરીના દિવસે જ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી સંકુલમાં જોરદાર હિંસા ભડકી ઉઠી હતી. અગાઉ જેએનયુમાં હિંસાના કેસમાં તપાસ કરી રહેલી દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાંચે મોટી સંખ્યામાં લોકોની ઓળક કરી લીધી છે. નવ શકમંદોના ફોટોગ્રાફ પણ જારી કરવામાં આવી ચુક્યા છે જેમાં આઈશી ઘોષનો પણ સમાવેશ થાય છે. પાંચમી જાન્યુઆરીના દિવસે ઘોષ સહિત ૩૦થી વધુ વિદ્યાર્થીઓને ઘાયલ થયા બાદ એમ્સ ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા. અગાઉ બુરખાધારી હુમલાખોરોએ જેએનયુમાં પ્રવેશીને ભારે હિંસા કરી હતી. વિદ્યાર્થીઓ ઉપર હુમલા કર્યા હતા. છડીઓ અને રોડ સાથે પ્રોફેસરો ઉપર પણ હુમલા કરવામાં આવ્યા હતા. બીજી બાજુ જેએનયુમાં પાંચમી જાન્યુઆરીના દિવસે થયેલી હિંસા માટે તપાસ માટે રચાયેલી પાંચ સભ્યોની ટીમે ઉંડી શોધખોળ શરૂ કરી દીધી છે.










